HM Government

This document has been withdrawn as it is out of date. For the latest guidance go to: https://www.gov.uk/government/collections/hospital-discharge-service-guidance

NHS

# હોસ્પિટલમાંથી રજા આપવી માહિતી

જે લોકોને કોરોનાવાઈરસ (કોવિડ COVID-19)નો ચેપ લાગ્યો હોય અને હોસ્પિટલમાં સંભાળની જરૂરત હોય તે લોકોનું ધ્યાન રાખવા માટે આપણી હોસ્પિટલો તૈયાર હોય તે અગત્યનું છે. આ દબાણજનક પરિસ્થિતિઓને કારણે, તમારી સંભાળ રાખતી આરોગ્ય વ્યવસાયિકોની ટુકડી દ્વારા નક્કી કરવામાં આવ્યા અનુસાર જ્યારે તમને હોસ્પિટલની સંભાળની જરૂરત નહિ રહે, એટલે તમને રજા આપી દેવામાં આવશે. તમને રજા આપવી કે નહિ તે માટે તમારી પસંદગી પૂછવામાં નહિ આવે, પરંતુ લોકોને રજા આપીને તેમને સલામત અને યોગ્ય સ્થળે મોકલી આપવાં તે અમારી હંમેશા અગ્રતા છે.

મોટા ભાગના કિસ્સાઓમાં આ સ્થળ તમારું ઘર હશે. તમને કદાચ થોડી વધારાની સહાયતાની જરૂરત પડે, દાખલા તરીકે તમારી સંભાળની જરૂરત અથવા ખરીદી વગેરે માટે.

જો તમને હોસ્પિટલની બહાર વધારે જટિલ પ્રકારની સંભાળની જરૂર હશે, તો તે માટે સમાજમાં બીજા કોઈ સ્થળે, દાખલા તરીકે કોઈ રેસિડેન્શિયલ નર્સિંગ હોમમાં બેડની સગવડ કરવામાં આવી શકે.

તમારી જરૂરિયાતો અને રજા આપવામાં આવ્યા બાદની ગોઠવણો વિશે તમારી સાથે ચર્ચા કરવામાં આવશે.

## કોરોનાવાઈરસ શું છે?

કોવિડ -19 એક નવી બીમારી છે જે ફેફસાં અને શ્વાસનળીઓને અસર કરી શકે છે. તે કોરોનાવાઈરસ નામના વાઈરસને કારણે થાય છે.

આ માટે હાલમાં કોઈ ચોક્કસ સારવાર નથી અને આ બીમારીનો ચેપ લાગ્યો હોય તેવાં કેટલાંક લોકોને હોસ્પિટલમાં દાખલ કરવાં પડશે.

તમે કોરોનાવાઈરસ વિશે અને તેને કઈ ઉત્તમ રીતે ફેલાતો અટકાવી શકાય તે વિશે વધારે જાણકારી www.nhs.uk/coronavirus પરથી મેળવી શકો છો.